ચૈત્ય પુરુષની પ્રાપ્તિ માટેના આત્માનુસંધાનનું ઉદાહરણ

શોકના ભારને હૃદયમાં દાબી દેતી સાવિત્રી નિદ્રા વગરની રાત્રિમાં જાગતી બેસતી ને કાળનાં મૂગાં પગલાં પ્રત્યે તાકી રહેતી. હમેશાં પાસે આવી રહેલા દુર્ભાગ્યની દિશામાં એની ચોકિયાત આંખો મંડાયેલી રહેતી. એવે એના આત્માના શિખર ઉપરથી એક આહ્‌વાન આવ્યું ને એના અવાજે રાત્રિની સીલ તોડી નાખી. જ્ઞાન અને સંકલ્પનો જ્યાં સમાગમ થાય છે તે ભ્રૂભાગ ઉપરથી એક ઓજસ્વી સાદે મર્ત્ય અવકાશ ઉપર આક્રમણ કર્યું.

અગમ્ય શિખરો પરથી એ આવતો હોય એવું લાગતું હતું. છતાંય એ વિશ્વ સાથે અંતરંગ સંબંધ રાખતો હતો. કાળનાં પગલાંનું તાત્પર્ય એને જ્ઞાત હતું. સનાતન ભાવિનું અવિકારી દૃશ્ય એના દર્શનમાં રહેલું હતું. આ શબ્દનો સ્પર્શ થતાં વાર સાવિત્રી એક સુવર્ણ પ્રતિમા જેવી સ્થિર બની ગઈ, જામલી જીવાત્માથી અજવાળાયેલા પ્રભુના પાષાણ જેવી; એનું હૃદય કાન દઈ સાંભળવા લાગ્યું, વિચારરહિત બનેલું એનું મન સાંભળીને મૂક બની ગયું :

"ઓ આત્મસત્તા! ઓ અમર શક્તિ! કાળની વેદી આગળ બાંધેલું બલિદાનનું પશુ બનવાને માટે શું તું આ મર્ત્ય લોકમાં આવી છે? નિ:સહાય હૃદયમાં શું તું શોકને પોષતી જ રહેવાની છે? કઠોર અને અશ્રુરહિત આંખ સાથે તું ઊભી થા, કાળનો ને મૃત્યુનો પરાજય કર."

સાવિત્રીનું હૃદય જવાબમાં બોલ્યું : "મારું બળ મારી પાસેથી લઈ લેવામાં આવ્યું છે ને તે મૃત્યુને અપાયું છે. અનિવાર્ય નિર્માણ સામે હું શા માટે ઝૂઝું? પોતાના ભાગ્યને ચપટાઈ રહેનાર ને ઉદ્ધારક પ્રકાશનો ઉપહાસ કરનાર અજ્ઞાન માનવ જાતિનો ઉદ્ધાર કરવાની મારે શી જરૂર છે? અમારો પોકાર સાંભળી હાલી ઊઠે એવો કોઈ ઈશ્વર છે? એણે તો નિષ્ઠુર નિર્માણના, અચેતનતાના અને મરણના હાથમાં અમને સોંપી દીધાં છે. મારે માટે તો એક જ ઉત્તમ માર્ગ રહેલો છે ને તે એ કે મારે મારા પ્રેમીની પાછળ પળવું ને એ જ્યાં જાય ત્યાં એનું અનુસરણ કરવું અને એ જ્યાં હોય ત્યાં આ લોક, પરલોક, તથા પ્રભુનેય વિસારી એના આશ્લેષમાં નિત્યનિલીન રહેવું."

અવાજે ઉત્તર આપ્યો : "શું આટલું જ તારે માટે પૂરતું છે? તું તો ઊર્ધ્વનો

આદેશ લઈને આવેલી છે, ને તારું કામ કર્યા વગરનું રહી ગયું છે એવું તારા જાગેલા જીવને જ્યારે જણાશે ત્યારે તે શું કહેશે? દેવોનાં પગલાંનું અનુસરણ કરનાર તું જુનાપુરાણા ધૂળિયા ધારાઓને બદલાયા વગરના એવા ને એવા જ રહેવા દેશે? કોઈ નવા શબ્દ, કોઈ મહત્તર પ્રકાશ પૃથ્વી ઉપર નહિ ઉતારે? ઉદ્ધાર પામ્યા વિનાનો મનુષ્યનો આત્મા શું એવો ને એવો જ પામર આ પૃથ્વીની અચેતનતામાં રહેશે? હમેશ બંધ જ રહેલાં ભાગ્યનાં લોખંડી દ્વાર ઉઘાડી નાખવા માટે શું તારું આવાગમન થયું નથી? સનાતનને ધામે લઈ જતા સત્યના સોનેરી માર્ગ પર માનવને દોરી જવા માટે શું તેં પૃથ્વી ઉપર પગલાં માંડયાં નથી? તો શું મારે નીચી મૂંડીએ શાશ્વતને આ સમાચાર આપવાના છે કે સાવિત્રીના શરીરમાં ઉતારેલી તારી શકિત નિષ્ફળ નીવડી છે ને એ તારું કામ કર્યા વગર પાછી ફરે છે?"

સાવિત્રી ચૂપ થઈ ગઈ. પછી મર્ત્ય અજ્ઞાનના મહાસાગરોને તરી જઈને એની અંદરની ઊર્ધ્વની દૈવી શકિત બોલી:

"તારા કામની સોંપણી લઈને અહીં આવેલો હું તારો અંશ છું. ઊર્ધ્વમાં જે તું તે હું છું. હે અમર શબ્દ! આજ્ઞા આપ. તારો સંકલ્પ સિદ્ધ કરવા માટે જ હું અહીં છું."

અવાજે જવાબ આપ્યો:

"તું શા માટે આવી છે તેનું સ્મરણ કર: તારી અંદરના તારા ચૈત્યપુરુષને શોધી કાઢ, તારા ગૂઢ આત્મસ્વરૂપને પાછું પ્રાપ્ત કર, મૌનાવસ્થામાં પ્રવેશી પ્રભુનો પરમોદ્દેશ તારાં ઊંડાણોમાંથી શોધી કાઢ, પછી મર્ત્ય સ્વભાવને દિવ્યતામાં પલટાવ. પ્રભુનું બારણું ઉઘાડ અને એના સમાધિમંદિરમાં પ્રવેશ. વિચાર વેગળો કર, મસ્તિષ્કને નિસ્પંદ બનાવ, પરમાત્માનું વિરાટ સત્ય અંદર જગાડ ને જાણ અને જો. આત્મદૃષ્ટિનું આવરણ કરી દેતી ઇન્દ્રિયોના પ્રભાવમાંથી મુકત થા: મન પૂરેપૂરું ખાલીખમ થશે ત્યારે સંસારમાં તને સનાતનના શરીરનું દર્શન થશે, જગતના સઘળા સ્પર્શોમાં તને એનો સંસ્પર્શ લાધશે. વસ્તુમાત્ર તને એના આશ્લેષમાં લઈ લેશે. હૃદયની ધબકોને જીત, તારું હૈયું પ્રભુમાં ધબકતું થશે. તારો સ્વભાવ એનાં કાર્ય માટેનું યંત્ર બની જશે, તારા અવાજમાં એનો શબ્દ ગાજશે: આવું થશે ત્યારે તું મારી શકિતનું ધામ બની જશે અને મૃત્યુની ઉપર વિજય મેળવશે."

પછી સાવિત્રી પોતાના દુર્દૈવવશ પતિની પાસે બેઠી, આતર સૂર્યના અગ્નિની સ્તંભિત સોનેરી પ્રતિમાના જેવી. આસપાસ ને ઉપર હતી કાળી રાત્રિ; ગાજવીજ ને વરસાદનાં તોફાન પાસે થઈને પસાર થતાં હતાં, પરંતુ એ બધી ધમાલની મધ્યે આસને બેઠેલી સાવિત્રી સાક્ષી સ્વરૂપે મનના વિચારોને, પ્રાણની અવસ્થાઓને અવલોકતી હતી અને અંતરના ઊંડાણમાં ઊતરી પોતાના અંતરાત્માને ઢૂંઢતી હતી.

એક સ્વપ્નદર્શન દ્વારા વિશ્વનો ભૂતકાળ એને પ્રત્યક્ષ થયો. ગુહાનિહિત બીજ ને નિગૂઢ મૂળ, વિશ્વના નિર્માણના છાયા-છાયા આરંભો એને દેખાયા. કેવી

રીતે અરૂપ ને અનિશ્ચેય આત્મામાં સૃષ્ટિએ પાપા પગલી કરી, દેહનો આકાર ચૈત્યનું નિવાસસ્થાન બન્યો, જડતત્ત્વ સંવેદનાની વિધવિધ સ્થિતિઓમાંથી પસાર થઈ વિચાર કરતું બન્યું, વ્યકિતનો વિકાસ થયો, ઉત્ક્રાંતિ આગળ વધતાં કેવી રીતે માનવનો આવિર્ભાવ થયો અને એણે આ જોખમભરી લીલી જમીન પર ભંગુર શરીરમાં રહી જીવનને જીવતું રાખવાની આશાઓ સેવી, પોતાના નાશવંત નિલયમાં દેવસ્વરૂપને દીઠું, નીલાકાશના નિરવધિ વિસ્તારો વિલોકયા ને અમૃતત્વનાં સ્વપ્નાં નિષેવવા માંડયાં, એ સર્વ સાવિત્રીએ સામે જોયું.

અચિત્ જગતમાં એક સચિત્ ચૈત્યપુરુષ આપણા વિચારોની, આશાઓની અને સ્વપ્નાંઓની પૂઠે છુપાયેલો છે. માનવ મનને એ પોતાનો રાજપ્રતિનિધિ બનાવે છે અને રાજા હોવા છતાં પોતે કાળના નૃત્યમાં કઠપૂતળા જેવો બની જાય છે. આ રાજા જેવું લાગતું મન છે અત્યંત ચંચળ; એ ચૂપકી રાખી રહી શકતું જ નથી. અનેક પ્રકારના અનુભવો કરતું એ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિને સમયે ઉપરના ને નીચેના પ્રદેશોમાં પ્રયાણ કરવા નીકળી પડે છે. સ્વર્ગ સાથે એનો સંબંધ થાય છે, તો વળી નરકો સાથે પણ એનો નાતો બંધાય છે. ક્ષુદ્રમાં એ ખદબદે છે ને વિરાટોમાંય એ વિચરે છે. માણસનું જીવન સપાટી પર આવું છે.

પણ એ આય છે ને સાથે સાથે આખું બ્રહ્માંડ પણ છે. એની અંદર એક આખું ગૂઢ જગત પુરાઈ રહેલું છે. અંતરના ઊંડા એકાંતમાં ગુપ્ત રાજા રહેલો છે. પૂર્ણ પવિત્ર ને સર્વાશ્ચર્યમય પ્રભુ વિશુદ્ધ આત્મામાં પોતાના મહિમાની દીપ્તિઓ પ્રસારે છે, કાળની અનંતતામાં એ સૃષ્ટિ સ્વરૂપે પ્રકાશે છે. પાર્થિવ જીવનમાં મનુષ્ય પ્રભુનાં સ્વપ્નાંને સિદ્ધ કરે છે.

પરંતુ જીવનના ક્ષેત્રમાં બીજુંય ઘણું ઘણું છે. પ્રભુથી જે વિપરીત અને વિરુદ્ધ છે તે પણ ત્યાં આવેલું છે. અસુર, રાક્ષસ, પિશાચ, ભૂત, જીન વગેરે સર્વને માણસ પોતાના અસ્તિત્વમાં સ્થાન આપે છે; અને નીચેનાં અવચેતન પાતાળોમાં નિવાસ કરતાં એ જ્યારે ઊછળીને ઉપર આવે છે ત્યારે તેઓ ઘોર ઘમસાણ મચાવી મૂકે છે. છેક સ્વર્ગો સુધી એમનો પાપપ્રભાવ પ્રવર્તમાન થાય છે અને પૃથ્વીલોકને તો તેઓ જીવતું નરક બનાવી દે છે. આવું હોવા છતાંય એક સંરક્ષક શકિત છે, પરિત્રાણ આણતા હસ્ત છે, માનવ ક્ષેત્રની ચોકી કરતાં દિવ્ય નયનો નિર્નિદ્ર રહેલાં છે.

વિશ્વની સમસ્ત શકયતાઓ માણસમાં બીજરૂપે મોજૂદ છે. એનો ભૂતકાળ એનામાં રહેલો છે ને એની ભાવિની કદમબાજીને હંકારે છે. એનાં અત્યારનાં કર્મ એના આગામી ભાગ્યનું નિર્માણ કરે છે. માણસના જીવનમંદિરમાં આણજન્મ્યા દેવો છુપાઈ રહેલા છે. અજ્ઞાતનાં દૈવતો એના મન ઉપર પોતાનો પ્રભાવ પાડે છે અને વિચારનાં જે બીબાંમાં એનું મન પોતાના જગતને ઢાળવા માગતું હોય છે તે બીબાંમાં તેઓ પોતાનાં સ્વપ્ન નાખે છે. માણસનું મન માણસની આસપાસ પોતાનું જગત ઊભું કરે છે. થઈ ગયેલું હોય છે તે સર્વ એનામાં ફરીથી જન્મે છે,

થઈ શકે એવું સર્વ એના આત્મામાં રૂપબદ્ધ થાય છે. આપણાં જીવનોમાં દેવોના ગુપ્ત ઉદ્દેશો સધાય છે, પણ માણસની તર્કબુદ્ધિ એ બાબત અંધારામાં રહે છે. દૂર દૂરથી આજ્ઞા આપતા કો એક સંકલ્પનો આશય કે નિરંકુશ દૈવયોગનો ક્રમ નિશ્ચિત સ્થલે ને સમયે સિદ્ધ થાય છે.

આપણી અંદરનું અત્યલ્પ જ પોતાનાં પગલાંને જુએ છે, ઐચ્છિક ને સહેતુક ગતિ કરે છે. આપણા અચેતન ભાગોમાં આપણું અતીત હજી જીવે છે ને એનું છૂપું દબાણ આપણા ભાવિની ઉપર પ્રભાવ પાડે છે. આપણો મરી ગયેલો ભૂતકાળ ભવિષ્યના પગ પકડી રાખે છે. પુરાણું હતું તે પાછું ઊંઘમાં આવે છે કે જાગ્રતનું સંચાલન કરે છે, પરાણે બોલાવડાવે છે ને બુદ્ધિની ઉપરવટ થઈ કૃત્યો કરાવડાવે છે. એકવાર જે આપણા જીવનમાં જીવ્યું હતું તે કદીય પૂરેપૂરું મરી જતું નથી. બધું જ એક ભૂતિયા અમરતા રાખે છે. તજી દીધેલાં પાપ પુન: અંકુરિત થાયછે, હૃદયમાંથી કાઢી મૂકેલું અશુભ પાછું આપણી સામે આવી ઊભું રહે છે. અચિત્‌માંથી ને પડદા પાછળના ગુહ્યમાંથી આપણે ઊઠયા છીએ, મનની સંદિગ્ધતામાં રહીએ છીએ અને જે જગત વિષે આપણે ઠીક જાણતા નથી તેની ઉપર પ્રભુત્વ મેળવવા મથીએ છીએ. આપણાથી ઊર્ધ્વમાં પરચૈતન્ય પ્રભુ પોતાના પ્રકાશની રહસ્ય-મયતામાં રહેલો છે, આપણી આસપાસ અજ્ઞાન વ્યાપેલું છે ને નીચે અરવ અચિત્ ઊંઘતું પડેલું છે.

પણ આ તો જડ દ્રવ્ય પ્રત્યેની પ્રથમ દૃષ્ટિ થઈ. આપણે પોતે કે આપણું જગત કેવળ આટલું જ નથી. સત્યચૈતન્યમય બૃહત્‌માં પરમ જ્યોતિ, એવું આપણું જ્ઞાનનું મહત્તર સ્વરૂપ આપણી વાટ જોઈ રહ્યું છે. વિચાર કરતા મનનાં શિખરો પારથી એ જુએ છે, જીવન પારના વિભાસ્વંત વાતાવરણમાં એ વિહરે છે. એનું અવતરણ થશે ને જગતના જીવનને એ દિવ્ય બનાવશે.

સત્યે સૃષ્ટિ સર્જી છે, અંધ પ્રકૃતિની શકિતએ નહિ. આપણાં દિવ્યતર શિખરો પરચૈતન્યમાં ભભૂકી રહ્યાં છે ને સાક્ષાત્ પ્રભુના મુખથી તેઓ મહિમાવંત બનેલાં છે. આપણું શાશ્વત સ્વરૂપ ત્યાં છે, આપણું દેવસ્વરૂપ ત્યાં છે. ત્યાં છે આપણી અજરામર દિવ્ય દૃષ્ટિ, મૃત્યુ ને કાળથી મુકત આપણે મેળવેલી મુકિતનો આનંદ, એનું અમૃતત્વ, એનો પ્રકાશ, એનો પરમાનંદ.

આપણું બૃહત્તર સ્વરૂપ ગૂઢ દીવાલો પાછળ બેઠેલું છે. આપણા અદૃશ્ય અંશોમાં મહિમાઓ છૂપા રહેલા છે ને જીવનમાં પ્રકટ થવા માટે તેઓ તેમના અવસરની વાટ જોઈ રહ્યા છે. અંતરમાં ઊંડે રહેલા દેવોની સહાય આપણે સંવેદીએ છીએ, અંદરથી કોઈ બોલે છે, ઉપરથી પ્રકાશ આવે છે, આપણો ચૈત્ય-આત્મા ગૂઢ ઓરડાઓમાંથી કાર્ય કરે છે, હૃદયને ને મનને એનો પ્રભાવ મર્યાદામુકત થવાને પ્રેરે છે. આપણા ભાગો ઉજ્જ્વલ બને છે ને જ્ઞાનના મુખનાં દર્શન થાય છે ને જ્યારે તે આપણી ઇન્દ્રિયોના આવાસમાં પ્રવેશે છે ત્યારે આપણે એના સૂર્યનાં

ઊર્ધ્વમાં સુદર્શન પામીએ છીએ.

આપણે જેને જીવન કહીએ છીએ તે વામણા પ્રાણને મહાપ્રાણાત્મા એની આંતરિક શકિતઓ વડે ટકાવી રહ્યો છે. આપણા સરીસર્પણ ઉપર એ બે સમર્થ પાંખો લગાડી શકે એમ છે. આપણા શરીરનો આત્મા અંદર વિરાજમાન છે અને પ્રભુના વિચારોની ઉજ્જ્વલ છાયાઓ જેવાં સાચાં સ્વપ્નાંના અદૃશ્ય રાજ-મહેલમાં એનો આવાસ છે.

મનુષ્યજાતિના અંધારા આરંભમાં માણસ વાનર જેવી અવસ્થામાંથી ટટાર ચાલતો થયો ને દેવોપમ રૂપ ને દેવોપમ શકિતથી સંપન્ન થયો ને આત્માના વિચારોએ એની આંખમાંથી ડોકિયું કર્યું. એણે ઊંચી દૃષ્ટિએ આકાશ ને આકાશ-માંના મિત્ર તારાઓ જોયા. સૌન્દર્યનું ને મહાજન્મનું દર્શન એનામાં આવ્યું; સ્વપ્નની શુભ્ર હવામાં એણે ગતિ કરવા માંડી. આત્માની અપ્રાપ્ત વિરાટતાઓ એની આંખે ચડી, એણે અભીપ્સા સેવી ને જન્મતા અર્ધદેવને પોતાની અંદર પધરાવ્યો. દૂરનું એણે સાંભળ્યું, અસ્પૃશ્યનો સ્પર્શ સાધ્યો, ભવિષ્ય ને અદૃશ્ય સામે મીટ માંડી. પાર્થિવ કરણો માટે શકય નથી એવી શકિતઓ વાપરી અશક્યને એણે વિનોદ-વસ્તુ બનાવી, સર્વજ્ઞની વિચારવિભાઓના ખંડો પકડયા ને સર્વ-શકિતમત્તાનાં વિધિસૂત્રો વેર્યાં. ધૂળના ગૃહમાંથી માણસ આમ વિચારના ને સ્વપ્નના સ્વર્ગ પ્રત્યે વિકાસ પામ્યો, ને અનંતતામાં એક ટપકા જેવા પૃથ્વીગોલકે રહી મનના વિશાળા પ્રદેશોમાં વિચર્યો. પછી એક લાંબી સાંકડી સીડી ઉપર ચડી એકલો એ વસ્તુજાતના શિરોભાગ પર જઈ ઊભો, ને ત્યાંથી અધ્યાત્મ સૂર્યનો પ્રકાશ એણે વિલોકયો. અભીપ્સા સેવી એ પાર્થિવતાથી પર થઈ, મર્ત્યતાના વલયમાંથી મુકત થઈ, નવો આત્મજન્મ પામી, પરમાત્માના પ્રદેશમાં હરતોફરતો થઈ ગયો. પોતાના અમૃતત્વનો ઉત્સ એને મળ્યો. હવે એ મર્ત્ય જીવનની અંદર પરમાત્મદેવતાને આવવા બોલાવે છે.

સાવિત્રીની અંદરના ગુપ્ત આત્માએ આ બધું કર્યું. મહામાતાનો એક અંશ એને પોતાનું ધામ બનાવવા એની અંદર આવ્યો; સાવિત્રીને એણે પોતાનું માનવ સ્વરૂપ બનાવી દીધું. દેવોના વિશ્વ-કાર્યની યોજનાનું કેન્દ્ર સાવિત્રીમાં સ્થપાયું.

સાવિત્રી દ્વારા મહેશ્વરી માનવજાતિને પ્રભુના સ્વરૂપમાં ઘડવા માગતી હતી; આ અંધ ધમપછાડા કરતા લોકને પ્રભુના પ્રકાશમાં લઈ જવાનાં સ્વપ્ન સેવતી હતી; અથવા તો એક નવું જગત શોધી કાઢવા કે સર્જવાનો સંકલ્પ રાખતી હતી.

પૃથ્વીએ સ્વરૂપ-પલટો પામી સ્વર્ગસમાન બનવાનું છે, યા તો સ્વર્ગે પોતે પૃથ્વીની મર્ત્યતામાં ઊતરી આવવાનું છે.

પરંતુ આવું વિરાટ આધ્યાત્મિક રૂપાંતર થાય તે પહેલાં માનવના હૃદયની ગૂઢ ગુહામાં રહેલા એના ચૈત્યાત્માએ પોતાનાં અવગુંઠનોમાંથી બહાર નીકળી સામાન્ય સ્વભાવના ભરચક ભરેલા ઓરડાઓમાં પ્રવેશવાનું છે અને પ્રકટ

સ્વરૂપ સ્વભાવને મોખરે રહી માણસના વિચારો ઉપર અમલ ચલાવવાનો છે ને એના દેહને ને જીવનને પોતાથી ભરી દેવાનાં છે.

ઉચ્ચ આદેશને આધીન થઈ સાવિત્રી બેઠી. કાળ, જીવન અને મૃત્યુ પસાર થઈ જતા પ્રસંગો હતા અને તે એની દૃષ્ટિને પોતાની ક્ષણભંગુર દૃષ્ટિથી અંતરાયરૂપ બની જતા હતા. દૃષ્ટિરહિત મર્ત્ય માનવીમાં બંદી બનેલા દેવને એની દૃષ્ટિએ માર્ગ મેળવીને મુકત કરવાનો હતો. કેમ કે અજ્ઞાનમાં જન્મેલો પામર સ્વભાવ હજુ એના જીવનમાં મોટું સ્થાન લઈ બેઠો હતો અને એના આત્માને આવૃત કરી રાખતો હતો. એને આઘો હડસેલી દઈ સાવિત્રીએ પોતાના અંતરાત્માને હવે શોધી કાઢવાનો અને એને જીવનનો અધિરાજ બનાવવાનો હતો.